સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

અંદરો-અંદર લડાવી સભ્યો તોડાવી જશે!
કિલ્લેબંધી માંથી પણ કાંગરા ખડાવી જશે!
રડાવી જશે લોકશાહી, 'ટાઈ'નો ટૂંપો દઇ -
સત્તાલોભી પક્ષ પ્રમુખપદ પડાવી જશે !

આવી ગયા છે!
ભાંગફોડ બાહોશ -
દિલ્હીના ઠગ!!
(લગ્નપ્રસંગે હાજરી)

પીવો પડશે ?!
જૂથબંધી ઝેરનો -
કડવો ઘૂંટ ?!
(બંને પક્ષે ચિંતા)

ચિંતન

દેખાદેખી ભક્તિ કા, કબહુ ન ચઢી રંગ, વિપત્તિ પડે યો છોડ સી, કેચુલિ તજત ભૂજંગ

ભક્તિના વિચારને કબીર હીરાની જેમ તરાશે છે. પહેલા પાડી આપી છે. ઈર્ષા, અસૂયા અને અસહિષ્ણુતાના કારણે ભક્તિમા વિઘ્ન આવે છે. એક સાધુએ આધુનિક મંદિરનું કે આશ્રમનું નિર્માણ કર્યું તો બીજો સાધુ તેથી વિશાળ નિર્માણ કરવા તલપાપડ થાય તેવી સ્પર્ધા ને ભક્તિમાં સ્થાન નથી. આવી ચિત્તવૃત્તિ ના માટે કબીર કહે છે કે, દેખાડો કરવો છે તેને ભક્તિમાં સ્થાન નથી. ભક્તિ વિપત્તિ ના સમયમાં એ રીતે છૂટી જાય છે જેમ કાંચળી સાપથી છૂટી પડે છે. ધનના મદ જેટલો જ ધર્મનો અહંકાર હોય છે. ધર્મમાં ઝનૂન પ્રવેશે ત્યારે ધર્માંધતાનો જન્મ થાય છે. ધર્મના મતભેદોના કારણે માનવજાતિએ જે ખુવારી વેઠી છે. તેનો અંદાજ કરીએ તો એટલું તો જરુર સમજાય કે ધર્મ આપણા અસ્તિત્વને જોખમાવે તેવી સ્થિતિ છે, તેથી જ તુલસીદાસે કહ્યું છે કે, દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન.

સુવિચાર

- રચ્યાપચ્યા કાંડમાં, ભારે લાલચ મોહ... માયા તો ન છુટતી, પામ્યા ભયને શોક... - **દુલાભાયા કાગ**
- સિર્ફ આસમાં છુ લેના સફલતા નહીં હૈ,
  સફલતા તો ઈસમેં હૈ કી આસમાં ભી છૂ લીયા જાય, ઔર કદમ ભી જમીં પર રહે - **એસ. એમ. એમ.**
- સદ્‌ભાવ એવી ભાષા છે જે બધિરના કાન સુધી અને
  પ્રજ્ઞાચક્ષુની આંખ સુધી આપમેળે પહોંચી જાય છે - **માર્ક ટવેઈન**
- ઘૃણા જીવનને સ્થગિત કરે છે, પ્રેમ જીવનને મુક્ત કરે છે,
  ઘૃણા જીવનને અંધકારમય બનાવે છે, પ્રેમ જીવનમાં પ્રકાશ પાથરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મિત્રની મર્યાદાઓ જાણ્યા છતાં મૈત્રી જાળવે એ સાચો મિત્ર - **શાહબુદ્દિન રાઠોડ**
- જીવતાં જીવતાં શીખાય છે તો શીખતાં શીખતાં જીવાય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : દૂધીનો રસ સાકર સાથે પીવાથી નરકોરીમાં લોહી પડતું બંધ થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

જે જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત છે. જેને શરીર અને પરિવાર, ભૌતિક સુખો સાથે મોહસંબંધ છે તેને સદાય મૃત્યુનો ભય રહે છે પણ જેણે મનની માયા સંકેલી લીધી છે તેને શરીર કે સંબંધોની ક્ષણભંગુરના સમજાઈ ગઈ છે તેને મૃત્યુનો ડર રહેતો નથી.

રાજા ભર્તૃહરિ શારીરિક, ભૌતિક સુખમાં અટવાયેલા હતા તેની પ્રિય રાણી પિંગલાનું અવસાન થયું. રાજાને ખૂબ દુઃખ અને આઘાત થયા. રાજપાટ છોડી સ્મશાનમાં જ રહેવા લાગ્યા.

મંત્રીઓએ તેમના ગુરુ ગોરખનાથનું ધ્યાન દોર્યું. ગુફામાં એકાંતવાસમાંથી ગુરુ ભર્તૃહરિને મળવા આવ્યા. હાથમાં માટીનું એક ખપ્પર હતુ. વ્યવહારું દિલાસો આપી જતા જ હતા - ત્યાં હાથમાંથી માટીનું ખપ્પર પડીને તૂટી ગયું - ગોરખનાથને ખૂબ અફસોસ થયો - રડવા લાગ્યા. પોતાના વિદ્વાન ગુરુ આવા માટીના વાસણ માટે રડે તે ભર્તૃહરિને ન ગમ્યું - ખૂબ સમજાવ્યા - કહ્યું આવી ક્ષણભંગુર વસ્તુ માટે આટબો બધો શોક કરવો આપ જેવાને શોભતું નથી. તરત જ ગોરખનાથ શાંત થયા અને કહ્યું રાજન ! હું પણ તને એજ સમજાવવા આવ્યો છું પત્નીનું મૃત્યુ નિશ્ચિત છે તેથી કંઈ કર્તવ્યનો ત્યાગ જ થાય. ભર્તૃહરિ હવે ગુરુનું આગમન કારણ સમજ્યા.

જય જય ગરવી ગુજરાત

ગુજરાતના સ્થાપના દિવસે જ સવર્ણ 'ગરીબો' માટે દસ ટકા અનામત માટેનો વટહુકમ બહાર પાડવાનો નિર્ણય કરીને ભારતીય જનતા પાર્ટીએ એની વોટબેંક અકબંધ રાખવાનો દાવ ખેલ્યો છે. પાટીદાર આંદોલનનો લાભ તમામ સવર્ણોને મળવાનો છે એ વધુ રાજી થવા જેવી બાબત છે. છેલ્લા ઘણા સમયથી કેન્દ્રિય નેતાગીરી ગુજરાતના પાટીદાર આંદોલનના મુદ્દે ચિંતિત હતી. નેતાના કરિશ્મા કરતાં જ્ઞાતિસમજોની તરફેણ એ ચૂંટણી જીતવાની પહેલી જરૂરિયાત છે. ખુદ પીએ અને સીએમ આ વાત સમજે છે એથી સ્તો સમયસર આ દૂઝતા ધારા પર મલમ લગાડવાનો નિર્ણય લઈ લેવાયો છે. વાર્ષિક છ લાખની આવક વાળા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ અને નોકરી વાંચ્છુઓને એનો લાભ મળશે. આનંદીબેને કુનેહપૂર્વક આ સરકારી નિર્ણયને પાર્ટીની પોલીસી ગણાવી કેન્દ્રીય નેતાગીરીને અને ગુજરાતમાં પ્રતિસ્પર્ધી ગણાતા અમિત શાહના સમર્થકોને પણ ખુશ કર્યા છે. કોંગ્રેસ માટે પાટીદાર અનામતનો મુદ્દો વગર મહેનતે આવી પડ્યો હતો જેનો સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં એણે ફાયદો પણ ઉઠાવ્યો હતો. હવે મુખ્યમંત્રીની જાહેરાત મુજબ તમામ કેસો પાછા ખેંચી લેવાતાં પાટીદારો પાસે આંદોલન કે વિરોધનો ભાગ્યે જ કોઈ મુદ્દો બચશે. હાર્દિક પટેલની જીદ સંદર્ભે પણ હવે પાટીદાર સમાજનું સમર્થન મળવું મુશ્કેલ બની રહેશે. આમ મહદંશે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે. ઓબીસી અને એસસી-એસટી વર્ગોની અનામતનો ક્વોટા યથાવત રહેતાં એમના તરફથી પણ સરકારના આ નિર્ણયનો વિરોધ થવાની સંભાવના નથી. પ્રશ્ન ફક્ત ન્યાયપાલિકા સ્તરને રહેશે, જે ૫૦ ટકાથી વધુ અનામત કોઈ પણ સંજોગોમાં ગ્રાહ્ય નહીં રાખવાના ચુકાદઓ આપી ચૂકેલ છે. રાજયને પોતાની સમસ્યાઓ પોતાની ઢબે હલ કરવાની છૂટ હોવી જોઈએ. એ રીતે તમિલનાડુ અને રાજસ્થાન તથા હરિયાણા સરકારે લીધેલા નિર્ણયોની સરખામણીએ ગુજરાત સરકારનો નિર્ણય કદાચ વધુ તાર્કિક લાગે છે. ન્યાયાલયો પણ આર્થિક અનામતની જ તરફેણ કરતાં રહ્યાં છે. ગુજરાતના સ્થાપના દિવસની ઉજવણી વખતે પૂ. રવિશંકર મહારાજે ઉચ્ચારેલા શબ્દો યાદ રાખવા જેવા છે. રાજનયા શાસકોએ સૌથી છેવાડે બેઠેલા નાગરિકના યોગક્ષેમની કાળજી રાખવી જોઈએ. ગાંધીવિચારની ગળથૂથી સાથે જન્મેલાં મહિલા મુખ્યમંત્રીના દિવંગત પિતાશ્રી રવિશંકર મહારાજના આદર્શો જીવનમાં ઉતાર્યા હોવાનું સર્વવિદિત છે. ભારતીય જનતા પાર્ટીની પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ

તંત્રીસ્થાનેથી...

પણ 'સાદું જીવન - ઉચ્ચ વિચાર' માં માને છે. પ્રજાની સુખાકારી અને પ્રગતિ અર્થે વણમાગ્યે મળી ગયેલ મોટી જવાબદારી નિભાવવામાં આનંદીબહેન મહદંશે સફળ રહ્યાં છે. તાજેતરમાં ગોવર્ધનરામ ત્રિપાઠીજેવા સમર્થ સાક્ષરની ટિકિટ દેશના ટપાલ ખાતા દ્વારા બહાર પાડવામાં આવી તેમાં પણ એમની સક્રિયતા ઊડીને આંખે વળગે એવી હતી. પહેલી મે વળી વિશ્વ મજૂર દિવસ પણ છે અને ગુજરાતની સાથે જ મહારાષ્ટ્રનો સ્થાપના દિવસ પણ ખરો. વીર નર્મદે વર્ષો પૂર્વે 'જય જય ગરવી ગુજરાત'નું ગીત રચ્યું હતું એમાં એક પછી એક ગુજરાતની ચારે દિશાએ આવેલ પ્રસિદ્ધ ધર્મસ્થાનોનો ઉલ્લેખ છે. એ પછી કવિએ 'ઊંચી તુજ સુંદર જાત' કહી 'અરુણું પ્રભાત' જરુર ઊગશે-એવી અભિલાષા વ્યક્ત કરી છે. નર્મદના જમાનામાં પણ આ ઊંચી નાતજાતનું કેટલું મહત્ત્વ હતું! આજે એ ઊંચી જાતવાળા 'ગરીબો'ને પાટીદાર મહિલા મુખ્યમંત્રી ૨૦૧૭માં ક્સુંબી ધ્વજ ફરકાવવાની શરતે દસ ટકા અનામત ફાળવીને ખુશ કરી રહ્યાં હોય તો એમાં ખોટું પણ શું છે.

ઉત્તમ જીવો ઉંદરો

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

ઉંદર કરોડરજ્જુ વાળા સસ્તન પ્રાણીઓમાં કર્તરી કે કૃંતક (Rodentia) શ્રેણીના વર્ગમાં આવે છે. ઉંદર ઉપરાંત નાનો ઉંદર (Mice), વોલ, અને કોળ (Gerbils)આ શ્રેણીના મ્યુરીડી (Murdiae) વંશમાં સામેલ છે. કાળા અને કથ્થાઈ ઉંદર સમગ્ર વિશ્વમાં સામાન્ય છે - ફેલાયેલા છે.

ઉંદરો એક સફળ જીવો કહી શકાય. ઉંદરની માદા એક વેતરમાં ૩ થી ૮ બચ્ચાંને જન્મ આપે છે. તેનો ગર્ભરાળ ૨૦ થી ૨૧ દિવસોનો હોય છે. બચ્ચાં ફક્ત ૫ થી ૬ અઠવાડિયામાં પુખ્ત થઈ જાય છે. આ કારણે ઉંદરોની વસતી ખુબ જ ઝડપથી વધતી રહે છે.

ઉંદરો કુટુંબપ્રિય હોય છે. પોતાના સમુહ કે જેને પૅક (Pack),સ્વાર્મ (Swarn) કે મીસચીફ (Mischief) કહે છે. તેમાં કોઈ ઉંદર બિમાર કે ઈજાગ્રસ્ત હોય તો તેની અન્ય ઉંદરો દ્વારા કાળજી લેવામાં આવે છે. ઉંદરોને એકલા રહેવું ગમતું નથી. તેવા સમયે તે તણાવગ્રસ્ત અને એકલાપણું અનુભવે છે. સમુહમાં હોય ત્યારે ઉંદરો ઉત્સાહ-આનંદથી હાસ્યના અવાજો કરતાં હોય છે.

ઉંદરોની યાદશક્તિ સારી હોય છે. તેને દૂરના અંતરે છોડી આવવામાં આવે તો તે પાછાં મૂળ જગ્યાએ આવી શકે છે. તેમની કુતૂહલવૃત્તિ પણ અજીબ હોય છે. આમ ખુબ જ શરમાળ અને ગભરું પણ હોય છે. રાત્રિ દરમિયાન તે વધુ સક્રિય હોય છે. આસપાસની વસ્તુઓને સ્પર્શ કરીને અવર-જવર કરવાનું તેને પસંદ પડે છે. દિવસે તેને મોટા ભાગે આરામથી ઊંઘવાનું ગમે છે.

ઉંદરો ડુંટી ધરાવતાં હોય છે. તેમની આંગળીઓમાં અંગૂઠો હોતો નથી. પરંતુ પગના ભાગે સ્ત્રાવગ્રંથિ હોય છે. જેમાંથી ગંધ મુક્ત કરે છે અને શરીરનું તાપમાન જાળવવામાં પણ મદદરુપ બને છે. માનવોની જેમ ઉંદરો પણ જમણેરી હોય છે.

ઉંદરોની પૂંછડી તેના માટે એક અગત્યનું અંગ છે. જેની મદદથી તે ઊંચાઈએ ચઢતાં-ઉતરાં, દોડતી વખતે સંતુલન જાળવી શકે છે. સાથે સાથે અંદરોઅંદર સંદેશા પાઠવવામાં અને શરીરનું તાપમાન જાળવવામાં મદદરુપ બને છે. ઉંદરોને સ્વેદગ્રંથિ ન હોવાથી પરસેવો થતો નથી.

ઉંદરો તેને કાપવાની વૃત્તિથી જાણીતાં અને અપ્રિય છે. ઉંદરને રાક્ષસી દાંત હોતા નથી કાપવામાં માટેના દાંત ખુબ જ વિકસિત હોય છે. લાકડા, સિમેન્ટ, ઈંટો, કાંચ, વાયર, લેડ, એલ્યુમિનિયમ જેવા કઠણ પદાર્થો તે ચાવી શકે છે. ઉંદરનાં દાંત એક વર્ષમાં પાંચ ઈંચ એટલે કે અડધો ફૂટ જેટલા વધે છે. આ કારણે તેને તેના દાંત સતત - નિયમિત ઘસતાં રહેવું એટલે કે કામ વગર કંઈકને કંઈક કતરણ કરતાં રહેવું પડે છે.

ઉંદર મુખ્યત્વે નિશાચર હોઈ તેની દૃષ્ટિશક્તિ પ્રમાણમાં મધ્યમ હોય છે. ઉંદરોને રંગ પરખાતાં નથી એટલે કે તે રંગઅંધ હોય છે. પરંતુ તેની સુંઘવાની શક્તિ સારી છે અને તેના મૂછોનાં લાંબા વાળ તેને વસ્તુઓ પારખવામાં મદદરુપ બને છે.

ઉંદરો ઊંટ કરતાં પણ વધુ સમય માટે પાણી વગર તરસ્યા રહી શકે છે. તેને તરવાનું પસંદ છે. સતત ત્રણ દિવસ સુધી તે પાણીમાં તરી શકે છે. પાણીમાં ૧૦૦ ફૂટની ઊંડાઈ સુધી ડૂબકી મારી શકે છે. તેને ૫૦ ફૂટની ઊંચાઈએથી નીચે કુદે કે પડે તેને કોઈ ઈજા થતી નથી. આણ્વિક રેડીયેશનની અસર પણ ઓછી થાય છે. આપણે ઉંદરોને ગંદકી ફેલાવતાં હોવાનું માનીએ છીએ પણ ઉંદરો દિવસનો ઘણો સમય પોતાના શરીરને માવજત કરીને સ્વચ્છ રહેવાનું પસંદ કરે છે. બિલાડી તથા કૂતરા જેવા તેના દુશ્મનો કરતાં ઉંદર વધુ સ્વચ્છ હોય છે. ઉંદરો ઉલ્ટી કરી શકતા નથી.

પોતાના શરીરના ઘેરાવાના ચોથા ભાગની સાઈઝના દરમાં ઉંદર પ્રવેશી શકે છે. ઉંદરો મિશ્રાહારી મનાય છે. ઉંદરોના કરડવાથી માણસોમાં હડકવા થતો નથી.

વર્ષ ૧૯૬૧માં ફ્રાન્સના અવકાશયાનમાં ઉંદરને લઈ જવામાં આવેલ હોઈ તે અવકાશમાં જનાર પ્રથમ પ્રાણી છે. રોમનો અને ઈજીપ્શીયનો ઉંદરને નશીબવંતુ પ્રાણી માને છે. આપણાં ભારતમાં પણ તેને ગણેશજીના વાહન તરીકે સ્થાન આપીને પૂજનીય ગણવામાં આવ્યું છે.

પર્યાવરણની પોષણ કડીમાં ઉંદર એક અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તે ઘણાં પ્રાથમિક માંસાહારી જીવો જેવા કે સાપ, શિયાળ, લોકડી, ગરૂડ, સમડી, ઘુવડ જેવા જીવોના પ્રિય ખોરાક છે તેનું અસ્તિત્વ ટકાવી રાખવું આવશ્યક છે.

"આઈ લવ માય ગુજરાત...હેપ્પી બર્થ ડે ગુજરાત..."

ગતિશીલ ગુજરાતની વિકાસ ફ્લાઈટના સમર્થ પાયલોટ શ્રીમતી આનંદીબહેન પટેલ

પુલક ત્રિવેદી

૧લી મે... પ્રત્યેક ગુજરાતી માટે એક અનોખો ગૌરવપૂર્ણ દિવસ.. ગુજરાત રાજ્યનો જન્મદિવસ. ગુજરાત સ્થાપના દિને યાદ આવે સર્વશ્રી રવિશંકર મહારાજ, ગાંધીજી, સરદાર સાહેબ, ઈન્દુચાચા, જુગતરામ દવે જેવા નામી-અનામી, જાણીતા-અજાણ્યા ગુજરાતી સપૂતો. જેમના મજબૂત ઈરાદાઓ અને પરિણામલક્ષી કાર્યોએ ગુજરાતના વિકાસનો, ગુજરાતના ગૌરવનો, ગુજરાતના ખમીરનો પાયો નાખ્યો.

આજે ગુજરાતની સ્થાપનાને ૫૬મું વર્ષ બેસે છે ત્યારે એક ગુજરાતી તરીકે ગુજરાતની વિકાસયાત્રાને હરખભેર પોંખવાનું કોને ન ગમે?

ગુજરાત સ્થાપના દિને બહુ દૂરના ભૂતકાળ કરતાં માત્ર છેલ્લા એકાદ-બે વર્ષમાં ગુજરાતે આદરેલી નવી વિકાસયાત્રા, ગતિશીલ ગુજરાતની પરિભાષાને વાગોળવાની સહેજે ઈચ્છા થઈ આવે. વાત નહીં વાસ્તવિકતા, પ્રસિદ્ધિ નહીં કાર્યસિદ્ધિમાં માનતાં નીડર-લીડર અને પરિશ્રમી લોકસેવક વાત્સલ્યમૂર્તિ મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના બે વર્ષના શાસનકાળમાં ગુજરાતે વિકાસની જે તેજ રફતાર પકડી છે તેના લેખા-જોખાના ધસમસતા પ્રવાહને પોંખીએ..

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ૨૨મી મે, ૨૦૧૪ના રોજ તેમના હોદ્દાના શપથ લીધા ત્યારે, કરોડો નાગરિકોના મનમાં આનંદભાવ હતો.

ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોમાં મુખ્યમંત્રીની 'અમૃતમ્ મા' યોજના અને 'મા વાત્સલ્ય' યોજના તેમજ ગરીબ પરિવારો માટે સન્માનભેર જીવન સુનિશ્ચિત કરવાના હેતુથી તેઓને પૂરતા પ્રમાણમાં ગુણવત્તાયુક્ત અન્ન પરવડે તેવી કિંમતે ઉપલબ્ધ કરાવવા અમલી બનાવાયેલી 'મા અન્નપૂર્ણા' યોજના અંતર્ગત બે રૂપિયે પ્રતિ કિલો ઘઉં અને ત્રણ રૂપિયે પ્રતિ કિલો ચોખા આપવાની યોજના જરૂરતમંદ નાગરિકોમાં અત્યંત ઉપયોગી અને લોકપ્રિય બની છે. અત્યાર સુધીમાં ૬૨,૫૦૪ લાભાર્થીઓને રૂ. ૧૦૩ કરોડની સહાય ચૂકવાઈ છે. રાજ્યમાં ચિરંજીવી યોજનાને કારણે સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ ૯૮ ટકા સુધી પહોંચ્યું છે. માત્ર ૧૨ મહિનામાં દોઢ કરોડ બાળકોને આરોગ્યની ચકાસણી રાજ્ય સરકારે કરી છે. તેમાંથી ૧.૨૫ લાખથી વધુ બાળકોને સંદર્ભ સેવાઓ પૂરી પડાઈ છે. ૪૨૪૯ બાળકોને હૃદયની, ૧૧૭૭ બાળકોને કીડનીની, ૨૮૧ બાળકોને કેન્સરની સારવાર ઉપરાંત બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, લીવર ટ્રાન્સપ્લાન્ટ અને કોકલીયર ઈમ્પ્લાન્ટ સહિત ૬૨૦૭ બાળકોને સુપર સ્પેશિયાલીટી સારવાર આપવામાં આવી છે. સમગ્ર દેશમાં ગુજરાતમાં સૌ પ્રથમ વખત બાંધકામ શ્રમયોગી અને તેમના પરિવારોના આરોગ્ય ચિંતા કરીને રાજ્યની ૮ મહાનગર પાલિકાઓમાં ધન્વંતરી રથ શરૂ કરવામાં આવ્યા છે. જે રથ બાંધકામ સાઈટ પર જઈને શ્રમયોગીઓને આરોગ્ય સેવા પૂરી પાડે છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે લોકોની વચ્ચે જઈને, લોકોને સાથે રાખીને 'લોક સંવાદ સેતુ' કાર્યક્રમની નવતર પહેલ કરી છે. આ કાર્યક્રમના પાયામાં આનંદીબહેનની વિચારધારા છે કે, સ્થાનિક પ્રશ્નો માટે લોકોએ ગાંધીનગર સુધી આવવું ન પડે અને તેમના સમય, શક્તિ અને નાણાં બચે. તેમના સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ સ્થાનિક રીતે જ આવે. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લે જિલ્લે લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં હાજરી આપી લોકો સાથે સીધો સંવાદ કર્યો, તે ઉપરાંત વિધાનસભાની કાર્યવાહી સુપેરે પાર પાડવાની સાથે પાંચ લાખ ઉપરાંત નાગરિકોને વિધાનસભામાં મુલાકાત આપી તેમની સાથે સંવાદ કર્યો છે.

કિસાનપુત્રી એવા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે કૃષિ અને કિસાનોના સર્વાંગીણ વિકાસ માટે નવતર પરિભાષા વિકસાવી રવીકૃષિ મહોત્સવનો નવો વિચાર અમલમાં મૂક્યો છે. વર્ષ ૨૦૧૪-૧૫ને ગુજરાતે કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવીને કૃષિ વિકાસને ગતિશીલ બનાવ્યો છે. આઈ-કિસાન પોર્ટલ લોન્ચ કરીને કૃષિ વિકાસને કિસાનોની આંગળીના ટેરવે મૂકી દીધો છે. ખેડૂતોની પડખે આપત્તિના સમયમાં અડિખમ ઊભા રહેવાના ધ્યેય સાથે મુખ્યમંત્રીશ્રીએ એક ટકાના વ્યાજના દરે ખેડૂતોને ધિરાણ આપવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. પશુઓ ખરીદવા પશુપાલકોને પાંચ ટકાના વ્યાજના દરે રાહત ધિરાણ આપવાનો અભૂતપૂર્વ નિર્ણય લઈ પશુપાલન વ્યવસાયને વેગવંતો બનાવ્યો છે. કૃષિ મહોત્સવમાં લાભાર્થીઓને ૧૦૫.૯૧ કરોડની સહાય ચૂકવી છે. પશુપાલન ક્ષેત્રે પણ રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત ૧૫૭ પશુ આરોગ્ય કેમ્પ દ્વારા ૧૩૮૦૦ પશુપાલકોના ૧.૫૮ લાખ પશુઓને સારવાર આપી ગુજરાતે દૂધનું વાર્ષિક ૧૧૬.૯૧ મે.ટન ઉત્પાદન કરી દેશમાં બીજા નંબરે રહ્યુ છે. સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ૪૭૭ કરોડના ખર્ચે ૧.૫૬ લાખ માછીમારોને લાભ આપ્યો છે.

મહેસૂલ મંત્રી અને શહેરી વિકાસ મંત્રી તરીકેના શ્રીમતી આનંદીબહેન પટેલના બહોળા અનુભવનો લાભ ગુજરાતની જનતાને મળ્યો છે. મહેસૂલી કાયદાઓની આંટીઘૂંટી ઊકેલીને સમગ્ર મહેસૂલી કાયદાઓના સરળીકરણની આગવી પહેલ ગુજરાતમાં થઈ છે. રાજ્યમાં પ્રથમવાર ખાતેદાર ખેડૂતોને ગામ નમૂના નં. ૭/૧૨ અને ૮ ની નકલો પ્રતિ વર્ષ એકવાર વિના મૂલ્યે આપવામાં આવશે. વર્ષ ૨૦૧૫માં ૧ કરોડ ૯૯ લાખ કરતાં પણ વધુ ખેડતોને નકલો વિના મુલ્યે આપવામાં આવી છે. મહેસૂલી પ્રકરણોના સત્વરે નિકાલ માટે દર મહિનાના બીજા શુક્રવારને મહેસૂલી દિવસ જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમવાર સતત બે વર્ષથી જેન્ડર બજેટ જાહેર કરવામાં આવ્યું છે. મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશક્તિકરણ માટે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી. રાખી મેલા, નવરાત્રિ મેળા, પોલીસ સહિત તમામ કેડરમાં મહિલાઓ માટે ૩૩ ટકા આરક્ષણ, નારી અદાલતોનું નિર્માણ અને મહિલાઓની સલામતી માટે ૧૮૧ અભયમ્ હેલ્પ લાઈનની રાજ્યવ્યાપી અમલવારીથી પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થયા છે.

શિક્ષિકા તરીકે કારકિર્દીનો આરંભ કરનાર માતૃવાત્સલ્ય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતના યુવાનોને ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ મળી રહે એ માટે સ્પષ્ટ સંકેતો આપ્યા છે. વિવિધ ક્ષેત્રોના તલસ્પર્શી અભ્યાસને આવરી લેતી નવતર યુનિવર્સિટીઓના નિર્માણ સાથે ૩૧ તાલુકાઓમાં નવી કૉલેજો શરૂ કરવાનો શિક્ષણનો પરિણામલક્ષી નૂતન નિર્ણય શ્રીમતી આનંદીબહેન પટેલે કર્યો છે. શાળા આરોગ્ય તપાસરૂપી કાર્યક્રમ અન્વયે રાજ્યના લાખો બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. યુવાનોના કૌશલ્યવર્ધનની સાથે ઉદ્યોગ ઉપરાંત નોન ફાર્મ સેક્ટર અને સેવા ક્ષેત્રેના વિકાસ દ્વારા રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવામાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

રાજ્યના સમગ્ર જનસમૂહને જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના ઉન્નતિના રાહ પર કઈ રીતે આગળ લઈ જવાય તેનું સતત, અવિરત મંથન કર્યા બાદ વ્યાપક યોજનાઓનો સંપૂટ 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'ના અસરકારક અમલ દ્વારા રાજ્યના તમામ સ્તરના લોકોને વિકાસના માર્ગે સહભાગી બનાવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબામાં રૂ. ૪૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરવાના કારણે આ દિશામાં આદિવાસી સમુદાયને નોંધપાત્ર લાભ થયો છે. ગરીબ કલ્યાણ મેળાના આઠમા તબક્કામાં યોજાયેલા કુલ ૧૩૪૮ ગરીબ કલ્યાણ મેળામાં રાજ્યના વિવિધ વિભાગોની વિવિધ યોજનાઓના એક કરોડ કરતાં પણ વધુ લાભાર્થીઓને કુલ રૂ. ૧૬૩૯૨ કરોડની નાણાકીય સહાય આપવામાં આવી છે.

જનહિતના કાર્યો માટે નાણાકીય મોકળાશને અગ્રતા આપી રાજ્ય સરકારે આયોજન ઉપર વિશેષ ભાર મૂક્યો છે. રાજ્યના વિકાસ કાર્યક્રમનું જે કદ વર્ષ ૨૦૦૧-૦૨માં રૂ. ૬૫૦૦ કરોડનું હતું તે વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૮૫૫૫૮ કરોડનું થયું છે. ગુજરાતમાં ગતિશીલ વિકાસ અને સમૃદ્ધિના સર્જનનો એક નવો યુગ શરૂ થયો છે તે પ્રતિબિંબિત કરે છે. પ્રધાનમંત્રીશ્રીના મેક-ઈન-ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયાની પરિકલ્પનાને સચોટરૂપે સાકાર કરવાની પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકારે ઔદ્યોગિક વિકાસ માટે લીધેલા વિવિધ પગલાંઓ અને પ્રગતિશીલ અભિગમને રાષ્ટ્રીય સ્વીકૃતિ મળી છે. વિશ્વબેંકે વર્ષ ૨૦૧૫માં Ease of doing business અન્વયે ગુજરાતને પ્રથમ ક્રમ આપ્યો છે. આ ગુજરાતની પ્રગતિની ઔદ્યોગિક વિકાસની જાગતી પ્રતીતિ જ તો છે. સ્ટાર્ટ અપ ઈનોવેશન માટે વિવિધ સ્વરૂપે સહાય અપાય છે. જેમાં ઈનોવેશનને એક વર્ષ સુધી પ્રતિમાસ રૂ. ૧૦ હજાર, નોડલ ઈન્સ્ટિટ્યૂટને સર્વિસ માટે પ્રતિ વર્ષ રૂ. ૫ લાખ અને પ્રતિ પ્રોજેક્ટદીઠ મટિરીયલ ખર્ચ માટે રૂ.

૧૦ લાખની સહાય તથા માર્કેટિંગ/પબ્લિસિટી માટે રૂ. ૧૦ લાખની સહાય પૂરી પડાય છે. જે હેઠળ ૧૦ સંસ્થાને રૂ. ૧.૫ કરોડની સહાય ચૂકવાઈ છે.

શહેરી અને ગ્રામીણ વિકાસના સમતુલિત વિકાસ દ્વારા નાગરિકોને સુવિધાયુક્ત જીવનશૈલી ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ રાજ્ય સરકારે 'સ્માર્ટ સિટી' અને 'અમૃત' કાર્યક્રમો થકી શહેરી વિકાસને વેગવંતુ બનાવ્યું છે. રાજ્ય સરકારના વિકાસલક્ષી અભિગમ ઉપર કેન્દ્ર સરકારની મહોર લાગી છે. રાજ્યના સુરત અને અમદાવાદ શહેરની સ્માર્ટ સિટી તરીકે પસંદગી કરાઈ છે. મુખ્યમંત્રી ગૃહયોજના હેઠળ ૧.૩૦ લાખ આવાસો પૂર્ણ કર્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ 'મુખ્યમંત્રી સડક યોજના', 'સ્માર્ટ વિલેજ' આવાસ, સ્વચ્છતા અને અન્ય માળખાકીય સુવિધાઓ પુરી પાડી નવા આયામો સિદ્ધ કર્યા છે. સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે દેશભરમાં સૌથી વધુ શૌચાલયોના નિર્માણ દ્વારા ગુજરાત સમગ્ર દેશ માટે પથદર્શક બનીને ઊભરી આવ્યું છે.

રાજ્યના ગામડાઓમાં શ્રેષ્ઠતમ ભૌતિક સુવિધાઓ આપવા રૂર્બન યોજના કાર્યાન્વિત કરી છે. ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ હેઠળ ૧૩,૬૮૫ પંચાયતોને કોમ્પ્યુટર્સ સહિત અન્ય સુવિધાઓ, ૪૦ ગામો સંપૂર્ણ વાઈફાઈ અને ૭૪૬ ગ્રામ પંચાયતો વાઈફાઈ સુવિધાથી સજ્જ બની છે. રાજ્યમાં પ્રતિભાવંત ખેલાડી તેમજ નવીન ખેલાડીઓને વધુ પ્રોત્સાહન માટે ખેલ મહાકુંભનું આયોજન તાલુકા-જિલ્લા અને રાજ્યકક્ષાએ કરવામાં આવે છે. ખેલ મહાકુંભ-૨૦૧૫ અંતર્ગત જુદી જુદી સ્પર્ધાઓમા ભાગ લેવા માટે ૪૦,૩૧,૦૦૦ સ્પર્ધકોએ નોંધણી કરાવી છે. રાજ્યના યુવા ખેલાડીઓ રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ